# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર ૧
# લંડન હોલમાં, તા. ૨-૭-૧૯૮૨, પ્રવચન નઃ- ૧

ઝવેરચંદભાઇ દ્વારા પરિચય - ૧૩ મિનિટ

પૂ. લાલચંદભાઈ: આ એક મોક્ષમાર્ગ પ્રકાશક નામનું શાસ્ત્ર છે. આજથી લગભગ બસ્સો ત્રીસ વર્ષ પહેલાં જયપુરમાં એક ગૃહસ્થી જ્ઞાની થયા જેનું નામ આખા સમાજમાં પ્રસિદ્ધ છે, આચાર્યકલ્પ ટોડરમલજી સાહેબ. તેઓશ્રીએ મોક્ષમાર્ગ પ્રકાશક નામના એક શાસ્ત્રની રચના કરી છે. તેમાં શરૂઆતમાં પંચપરમેષ્ઠીનું શું સ્વરૂપ છે એ પ્રથમ આપણે અત્યારે લેવું છે.

પૂજય ગુરુદેવ આ યુગના એક યોગી પુરુષ થયા. જ્યારે ધર્મનું સ્વરૂપ લગભગ લોપ થઈ ગયું હતું, સાચું ધર્મનું સ્વરૂપ શું એ જીવો જાણતા ન હતા, કેવળ માત્ર ક્રિયાકાંડમાં રચ્યા-પચ્યા હતા; અને એનાથી થોડા આગળ વધે તો શુભભાવ કરવાથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય એમ માનતા હતા. એ માન્યતા અનાદિકાળથી જીવને હતી. એ જ સંસ્કાર અનાદિકાળના હોવાથી જયાં પણ સાંભળવાનું મળે કે કષાયની મંદતા, થોડું પુણ્ય કરીએ તો આપણને લાભ થાય, મોક્ષ મળે - એમ ઇત્યાદિ અનેક પ્રકારની જે બંધની ક્રિયા, તેને મોક્ષની ક્રિયા માનીને જગતના જીવો એમાં રચ્યા-પચ્યા હતા. તેઓશ્રીનો જન્મ થયો. એક, જન્મ પછી એક જબરજસ્ત ક્રાંતિ સારા ભારતની અંદર, દેશ-વિદેશમાં જાગી.

જન્મથી જૈનમાં જન્મેલા હોય એને ણમોકાર મંત્ર તો શરૂઆતથી જ હોય જ. પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ એ તો શરૂઆતથી જ હતો અને હોય. પણ ણમોકાર મંત્ર ઉપરાંત તેઓશ્રીએ એક ભેદવિજ્ઞાનનો મહામંત્ર આપ્યો કે જે ભેદવિજ્ઞાન દ્વારા દેહાદિથી અને પુણ્ય અને પાપના પરિણામથી પણ આત્મા ભિન્ન છે, એવા શુદ્ધાત્માનો અનુભવ ગૃહસ્થ અવસ્થામાં પણ થઈ શકે છે. ગૃહસ્થ અવસ્થામાં મોહનો અભાવ થઈ જાય છે પણ રાગ અને દ્વેષ રહી જાય છે. આ એક માર્મિક વાત છે. મોહનો નાશ ગૃહસ્થ અવસ્થામાં થાય છે; સમ્યગ્દર્શન-આત્મદર્શન પ્રગટ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. મમત્વભાવનો અભાવ થાય છે પણ સાથે-સાથે (એટલે) તરત જ રાગ અને દ્વેષનો નાશ થતો નથી. એ રાગ અને દ્વેષના નાશનો ઉપાય ચારિત્ર છે. મોહના નાશનો ઉપાય સમ્યગ્દર્શન છે. એવી ધર્મની શરૂઆત ગૃહસ્થ અવસ્થામાં કેમ થાય એનું સ્પષ્ટીકરણ ભેદવિજ્ઞાનના મંત્ર દ્વારા કર્યું.

સામાન્ય રીતે ધર્મ શબ્દ એ એક એવો આકર્ષક શબ્દ છે કે જયાં ધર્મનું નામ પડયું ત્યાં જગતના જીવોને એ ધર્મ સાંભળવાની જિજ્ઞાસા થાય, ધર્મ શબ્દ સાંભળતા ધર્મ કરવાની જિજ્ઞાસા થાય. એ એક ધર્મ શબ્દ એવો આકર્ષક છે કે પછી એનું યથાર્થ સ્વરૂપ શું છે એ સમજ્યો કે ન સમજ્યો પણ ધર્મ શબ્દ ઉપર એની લાગણી કૂણી થઈ જાય છે. ધર્મ શબ્દ એવો છે કે એની લાગણી

કૂણી થાય છે, એના કષાયો મંદ થાય છે. એ પ્રકારે ધર્મ શબ્દ એક આકર્ષક છે. પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું છે, ધર્મનો શબ્દાર્થ શું છે, અને ધર્મનો ભાવાર્થ શું છે એ જગતના જીવો જાણતા ન હતા તો તેઓશ્રીએ ધર્મનું સાચું સ્વરૂપ શું છે એ તેઓશ્રીએ સમજાવ્યું, સંભળાવ્યું. અને હજારો લાખો મુમુક્ષુઓએ પણ એ વાતને અપનાવી. તો આ તકે હું પૂજય ગુરુદેવનો, અનંતો-અનંતો ઉપકાર આપણા ઉપર છે એ ઉપકારનો બદલો કોઇ સંજોગોમાં કોઈ રીતે આપણે વાળી શકીએ એમ નથી.

યતકિંચિત્ એટલો ભાવ આવે ખરો, કે તેઓશ્રીએ જે ભેદવિજ્ઞાનનો મંત્ર આપ્યો એ ભેદવિજ્ઞાનના મંત્રની સાધના પ્રત્યેક જીવ કરે અને એ મંત્રની સાધનાથી આત્માના દર્શન થાય - એ પ્રકારનો કહેવાનો-પ્રચારનો ભાવ, પ્રભાવનાનો ભાવ લાયક જીવોને સહજ આવે છે. પોતાને જે માર્ગથી લાભ થયો હોય એ માર્ગ બીજા જીવો પામે એવી કરુણાનો ભાવ પણ હોય છે. તો પૂજય ગુરુદેવે આપણા ઉપર એવો અનંતો ઉપકાર કર્યો છે, કે ધર્મનું સાચું સ્વરૂપ શું એ સમજાવ્યું. ધર્મ શબ્દનો શબ્દાર્થ એવો છે કે **વત્થુસહાવો ધમ્મો** (કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૪૭૬ અનવયાર્થ) વસ્તુનો જે સ્વભાવ છે તેને ધર્મ કહીએ.

જેમકે, એક દષ્ટાંતરૂપે પહેલાં આપણે લઈએ ધર્મનું સ્વરૂપ સમજવા માટે, કે સાકર શબ્દ છે એનો જે સ્વભાવ છે એ ગળ્યો સ્વભાવ છે, મીઠો સ્વભાવ છે. એ સાકરનો જે ગળ્યો સ્વભાવ છે તેથી તે તેનો ધર્મ છે. તો સાકરનો ધર્મ શું? ધર્મ એટલે સ્વભાવ. કે ગળપણ છે એ સાકરનો સ્વભાવ છે તેથી તે સાકરનો ધર્મ છે. સોનું છે એ પીળું છે. તો પીળાપણું છે એ સોનાનો સ્વભાવ હોવાથી તેને ધર્મ કહેવાય. સ્વભાવને ધર્મ કહેવાય, વિભાવને ધર્મ ન કહેવાય. તો દૂધ છે તે જયાં સુધી સારું રહે ત્યાં સુધી તે તેના સ્વભાવમાં છે; પણ બગડી જાય તો એ દૂધ કામ નથી આવતું. એમ પ્રત્યેક પદાર્થનો પોતાનો જે સ્વભાવ છે એ સ્વભાવભાવને ધર્મ કહેવામાં આવે છે.

આ તો દષ્ટાંત થયા. એમ આ આત્મા એક વસ્તુ છે - પદાર્થ. એ આત્માનો સ્વભાવ શું છે? એ જે સ્વભાવ હોય એને ધર્મ કહેવામાં આવે. આત્માના સ્વભાવથી વિરૂધ્ધ જેટલા પરિણામ છે તે પરિણામનું નામ ધર્મ નથી, કેમ કે સ્વભાવ નથી માટે ધર્મ નથી. આત્માનો સ્વભાવ, જ્ઞાતા-દૃષ્ટા એ આત્માનો સ્વભાવ છે. જાણવું અને દેખવું એ આત્માનો સ્વભાવ છે. હવે એ જાણવું અને દેખવું એ આત્માનો સ્વભાવ છે, તો એવો તર્ક ઊઠે કે ઇંદ્રિયજ્ઞાન વડે અનાદિકાળથી આત્મા પરને જાણતો આવે છે. તો જો જાણવું માત્ર એ સ્વભાવ હોય તો એ તો અનાદિકાળથી પરને જાણતો આવે છે, માટે એને પણ સ્વભાવ કેમ ન કહેવાય - એમ પ્રશ્ન ઊઠે.

એનો ઉત્તર આચાર્ય ભગવંતો એમ ફરમાવે છે કે જાણવું એ સ્વભાવ છે એ તો બરાબર જ છે પણ જેને જાણતાં આનંદ આવે ત્યારે તેને સ્વભાવ કહેવામાં આવે. તો ઇંદ્રિયજ્ઞાન દ્વારા પરને જાણતા આત્માને આત્મિક આનંદનો સ્વાદ આવતો નથી. માટે એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે છે. કેમ કે પોતાના શુદ્ધાત્માને પોતાનું જ્ઞાન જયારે જાણે છે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને દુ:ખનો નાશ થઇ જાય છે. એટલે આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ વીતરાગી પરિણામ પ્રગટ થાય, તે આત્માનો સ્વભાવ હોવાને કારણે તેને ધર્મ કહેવામાં આવે. પણ પુણ્ય અને પાપની જે

લાગણી ઊભી થાય છે, શુભ અને અશુભભાવ - ક્ષણમાં અશુભ અને ક્ષણમાં શુભ, કષાયની તીવ્રતા અને કષાયની મંદતાના પરિણામ જે વિકૃતભાવ જીવની દશામાં-હાલતમાં થાય છે, એ વસ્તુનો સ્વભાવ નથી માટે તે ધર્મ નથી. કેમ કે એમાં આત્માને આકુળતા નામ દુઃખનું વેદન થાય છે. કેમ કે એ બધા પરાશ્રિત વિભાવભાવ છે. એ વિભાવભાવથી ભિન્ન આત્મા છે, એને દષ્ટિમાં લઈને જયારે જ્ઞાન પ્રગટ થાય ત્યારે તેને આત્માના દર્શન વખતે આનંદનો અનુભવ થાય; એવા આત્માના વીતરાગી પરિણામ પ્રગટ કરે જીવ ત્યારે તેને સ્વભાવ કહેવામાં આવે છે અને એ સ્વભાવનું નામ ધર્મ છે. આ ધર્મની વ્યાખ્યા છે.

ધર્મની વ્યાખ્યા સીધી છે. **વત્થુસહાવો ધમ્મો** - વસ્તુનો જે સ્વભાવ હોય તેને ધર્મ કહેવાય. એનાથી જે વિરૂદ્ધ હોય તો તેને ધર્મ ન કહેવાય. જેમ કે પાણીનો સ્વભાવ શીતળ છે તો એની અવસ્થામાં પણ શીતળતા હોય તો એ પાણીનો સ્વભાવ છે અને સ્વભાવ હોવાથી ધર્મ કહેવાય. પણ એ પાણી છે તે પોતાની યોગ્યતા અને અગ્નિનું નિમિત્ત પામીને જે પાણીની અવસ્થા ઉષ્ણ થાય છે તે પાણીનો સ્વભાવ નથી. સ્વભાવ ન હોવાને કારણે એ એની વિકૃત વિભાવ દશા છે. તેથી પાણીનો ધર્મ નથી પણ પાણીનો અધર્મ ભાવ છે. ઉષ્ણતા થઈ પાણીની એ પાણીનો સ્વભાવ નથી. પાણીના શીતળ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. માટે તેને સ્વભાવ ન કહેવાય. એ સ્વભાવથી વિરૂદ્ધ માટે તેને ધર્મ ન કહેવાય. ધર્મ ન કહેવાય એટલે એ પાણીનો એ ધર્મ નથી પણ પાણીનો અધર્મ થઈ ગયો. આ દષ્ટાંત. દષ્ટાંત તો સમજાય એમ છે.

એમ આ આત્મા છે એ અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને દેહાદિ પર પદાર્થ મારા છે એમ મમતા કરે છે. અને પુણ્ય અને પાપના જે પરિણામ થાય છે એને પણ મારા માને છે, એ એની એક વિપરીત માન્યતા છે. એ મમત્વભાવ છે એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધભાવ, વિકૃતભાવ, દુઃખદાયકભાવ છે. તેથી તેને સ્વભાવ ન હોવાને કારણે, વિભાવ હોવાને કારણે તેને અધર્મ કહેવામાં આવે છે. ધર્મથી વિરૂદ્ધ પરિણામ એનું નામ અધર્મ. પાણીની શીતળતા એ એનો સ્વભાવ છે માટે પાણીનો ધર્મ કહેવાય. પણ એ શીતળ પાણી અવસ્થાએ ઊનું થયું, ઉષ્ણ થયું તો એ પાણીએ પોતાના ધર્મને છોડી દીધો છે. પાણીએ પોતાના શીતળ સ્વભાવને છોડયો અને ઉષ્ણ અવસ્થા થઈ તો એ પાણીએ પોતાનો સ્વભાવ છોડયો. તો એ સ્વભાવથી વિરૂદ્ધ ઉષ્ણતા તો એ અધર્મ દશા છે. એટલે પાણીનો સ્વભાવ ન હોવાને કારણે વિકૃત અવસ્થા તેને અધર્મ કહેવામાં આવે. ધર્મ નહિ. ધર્મથી વિરૂદ્ધ, સ્વભાવથી વિરૂદ્ધ.

એમ આ આત્મા છે એનો સ્વભાવ, મૂળ સ્વભાવ પોતાના જ્ઞાન વડે પોતાના શુદ્ધાત્માને પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન, દેહાદિથી ભિન્ન અંતર્મુખ થઈને પોતાના આત્માને જાણવો, અનુભવવો એનું લક્ષ કરવું અને એમાં જે આત્માનો અનુભવ થાય એ અનુભવદશામાં અતીન્દ્રિય આનંદ આવે તે આત્માનો સ્વભાવ છે. સ્વભાવ હોવાને કારણે તેને ધર્મ કહેવામાં આવે અથવા તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આ મોક્ષમાર્ગ પ્રકાશકની આપણે શરૂઆત કરવી છે એની ટૂંકી થોડી વ્યાખ્યા ધર્મનું શું સ્વરૂપ છે? ધર્મ-ધર્મ તો બધા કહે છે અને કરે છે; પણ વાસ્તવિક ધર્મનું શું સ્વરૂપ છે એ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, તીર્થંકર પરમાત્મા થયા તેણે ઉપદેશેલો માર્ગ અને સંતોએ

અનુભવ કરીને જે શાસ્ત્રો લખ્યા છે એમાંનું આ એક ટોડરમલજી સાહેબનું શાસ્ત્ર છે. એનું આપણે અધ્યયન કરવાનું છે. પાનું બીજું.

**હવે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક નામના ગ્રંથનો ઉદય થાય છે**. એટલે એ ગ્રંથની શરૂઆત થાય છે. **ત્યાં પ્રથમ ગ્રંથકર્તા મંગલાચરણ કરે છે.** જો શબ્દ પડયો છે મોક્ષમાર્ગ પ્રકાશક. મોક્ષનો માર્ગ એટલે સુખનો માર્ગ. જગતના જીવો શબ્દથી ભડકી જાય છે પણ શબ્દથી ભડકવા જેવું નથી. મોક્ષમાર્ગ. મોક્ષ એટલે મુકાવાનો માર્ગ. મોક્ષ એટલે મુકાવું. દુઃખથી મુકાવું એવા જે આત્માના પરિણામ તેને પરમાત્મા મોક્ષમાર્ગ કહે છે. નાસ્તિથી. અસ્તિથી મોક્ષ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ. સુખની પ્રાપ્તિ, પૂર્ણ આનંદની પ્રાપ્તિ એને પરમાત્મા મોક્ષ કહે છે. હવે પૂર્ણ આનંદની જે પ્રાપ્તિ થાય એનું નામ મોક્ષ. અને એનું જે કારણ, મોક્ષનો માર્ગ એટલે **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** (તત્ત્વાર્થ સૂત્ર, પ્રથમ અધ્યાય, સૂત્ર ૧) એ કેમ પ્રાપ્ત થાય એના માટે આ શાસ્ત્રની હું રચના કરું છું. તેમાં શીષ્ટાચાર એવો છે કે શાસ્ત્રની રચના (કરવા)માં મંગલાચરણ કરવામાં આવે છે. પંચપરમેષ્ઠીને નમસ્કાર, મંગલાચરણ કરે છે પ્રથમ. ત્યાં

**णमो अरहंताणं, णमो सिद्धाणं, णमो आयरियाणं;**

**णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं।**

**આ પ્રાકૃતભાષામય નમસ્કાર મંત્ર છે**. આ નમસ્કાર મંત્ર જે કહ્યો એ પ્રાકૃતભાષામય છે. **તે મહામંગલસ્વરૂપ છે**. બહારનો અવાજ આવે છે.

મુમુક્ષુ: હા, બહારનો અવાજ પકડાઈ છે.

પૂ. લાલચંદભાઈ: **શ્રી અરિહંતને નમસ્કાર હો, સિધ્ધને નમસ્કાર હો, આચાર્યને નમસ્કાર હો, ઉપાધ્યાયને નમસ્કાર હો, અને લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો. એ પ્રમાણે તેમાં નમસ્કાર કર્યા છે તેથી તેનું નામ નમસ્કાર મંત્ર છે.**

**હવે અહીં જેને નમસ્કાર કર્યા છે**, પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે. જેને આપણે સવાર, બપોર, સાંજ આપણે વંદન કરીએ છીએ તો એનું સ્વરૂપ શું છે એ પહેલાં ખ્યાલમાં લેવા જેવું છે. નહિતર તો માત્ર જેમ પોપટ રામ-રામ બોલે એમ થઈ જાય. તો પંચપરમેષ્ઠીનું સાચું સ્વરૂપ શું છે એ પહેલાં પાયાની વાત છે. જૈનદર્શનમાં એ પહેલાં આપણે સમજવા જેવું છે.

**હવે અહીં જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિન્તવન કરીએ છીએ, કારણ કે સ્વરૂપ જાણ્યા વિના**, એ પંચપરમેષ્ઠી કોણ છે? એના ગુણો પ્રગટ થયા છે એ શું છે? એને કેમ ગુણ પ્રગટ થયા? આપણે શા માટે નમસ્કાર કરીએ છીએ? કે ગુણ ગ્રહણ કરવા માટે નમસ્કાર કરીએ છીએ. તો એના ગુણો શું પ્રગટ થયા તે પહેલાં સમજવું જોઈએ.

**હવે અહીં જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિન્તવન કરીએ છીએ, કારણ કે સ્વરૂપ જાણ્યા વિના એ નથી સમજાતું કે હું કોને નમસ્કાર કરું છું? અને તે સિવાય ઉત્તમ ફલની પ્રાપ્તિ પણ કયાંથી થાય?**

આપણે જેને નમસ્કાર કરીએ તેનું સ્વરૂપ પહેલાં સમજવા જેવું છે, એમ પંડિતજી ફરમાવે છે. **ત્યાં પ્રથમ અરિહંતનું સ્વરૂપ વિચારીએ છીએ.** પંચપરમેષ્ઠીમાં ખરેખર તો ઊંચામાં ઊંચી પદવી

તો સિધ્ધ પરમાત્માની છે. પણ એ સિધ્ધ પરમાત્માને પ્રથમ નમસ્કાર ન કરતાં પ્રથમ અરિહંત પરમાત્માને નમસ્કાર કરવામાં આવે છે. એનું કારણ એવું છે કે સિધ્ધ પરમાત્માને વાણી હોતી નથી. અને અરિહંત પરમાત્મા, તીર્થંકર ભગવાનને વાણી હોય છે. તો એની વાણી દ્વારા સિધ્ધ પરમાત્માનું શું સ્વરૂપ અને અરિહંતનું શું સ્વરૂપ, આચાર્ય-ઉપાધ્યાય-સાધુનું શું સ્વરૂપ છે તે એની વાણી દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

તેથી આપણા ઉપકારી, પ્રથમ ઉત્કૃષ્ટ ઉપકારી જો હોય તો એ અરિહંત પરમાત્મા છે. કેમ કે એની દિવ્યધ્વનિ દ્વારા આખું વસ્તુનું સ્વરૂપ શું છે એ વાણીમાં આવે છે. ઓમકાર ધ્વનિ છૂટે છે. જેમ આપણે બોલીએ છીએ ક્રમે-ક્રમે એમ એની ભાષા નથી હોતી. આખા દેહમાંથી કંપન ઊઠે છે અને એમાં ઓમકાર ધ્વનિ છૂટે છે, ૐ... એમાં બધા જીવો પોતપોતાની યોગ્યતા અનુસાર એ વાણીનો અર્થ સમજી શકે છે. એવો કોઈ અતિશય રહેલો છે પરમાત્માનો. તો પ્રથમમાં પ્રથમ આપણા મૂળ ઉપકારી સર્વજ્ઞ પરમાત્મા છે. પછી આચાર્ય ભગવંતો ઉપકારી અને પછી આપણા ગુરુદેવ, આપણને ઉપકાર કર્યો આખું સ્વરૂપ સમજાવીને.

હું તો અહીંયાં માત્ર જે ગુરુદેવ પાસેથી હું જેટલું સમજી શકયો છું એ મારી યથાશક્તિ પ્રમાણે એમણે જ કહેલું હું અહીંયાં કહેવા આવ્યો છું. હું મારા ઘરની વાત કાંઈ નહિ કહું. મને જેટલું એમની પાસેથી મળ્યું છે, ગ્રહણ કર્યું છે, એનો સંદેશો આપવા માટે હું આવ્યો છું અહીંયાં.

નાઈરોબી તો ગુરુદેવ પધાર્યા હતા. પણ લંડન પણ કદાચ પ્રસંગ પડે તો એમનો અહીંયાં લંડન આવવાનો ભાવ પણ હતો. પણ કોઈ યોગ નહિ. આ તો યોગાનુયોગ બધું થાય છે. કાંઈ ઈચ્છા પ્રમાણે કોઈ જગતના પદાર્થનું પરિણમન બનતું નથી. પણ તેઓશ્રી બહુ ખુશી બતાવતા હતા વ્યાખ્યાનમાં અવાર-નવાર. મેં પ્રત્યક્ષ સાંભળેલું કે લંડનમાં પણ અત્યારે પ્રેમચંદભાઈ કરીને બહુ ગંભીર અને તત્ત્વના રસીક રૂડા જીવો છે અને એ વાંચન કરે છે, એટલે અહીં એનું વાંચન ચાલતું હતું, એમાં પણ એને ખુબ પ્રમોદ હતો. કેમ કે જ્ઞાનીઓને બીજું કાંઇ જોઈતું નથી. માત્ર તત્ત્વ પ્રચાર થાય, તત્ત્વ સમજે અને જગતના જીવો આ દુઃખથી છૂટે અને શાશ્વત સ્વાધીન સુખ કેમ પ્રાપ્ત થાય એવી નિષ્કારણ કરુણા એને હોય છે. એ પ્રશંસા કરતા હોય એની પાછળ પણ ઘણું રહસ્ય હોય છે. એ રહસ્ય એટલું જ કે આ તત્ત્વનો કોઈ જીવ પ્રચાર કરે તો બીજા જીવો સમજે. કેમ કે આ ભારતની અંદર તો એ પરંપરા અનાદિથી ચાલુ છે. તીર્થંકરોના જન્મ થાય છે ત્યાં, વાણી છૂટે છે અને ભારતમાં તો ધર્મની પરંપરા ચાલુ જ છે.

પણ આ તો ઘણો છેટો દેશ લગભગ અનાર્ય જેવો. અહીંયાં તો કોઈ મંદિરો પણ નહિ, કોઈ ધર્મનો પ્રચાર નહિ, કોઈ જૈનની વસ્તી નહિ. આ તો વળી થોડા આફ્રિકાથી ભાઈઓ અહીં આવ્યા તમે અને આ વાંચન ચાલે છે. વળી અહીંયાં બોલાવવાનો પણ પ્રસંગ આવ્યો. હું પણ કુદરતી અહીંયાં આવ્યો અને આ બધો જોગ થયો છે. ખરેખર તો આપણા જીવનમાં કરવા જેવું હોય તો એ પોતાનું સાચું સ્વરૂપ શું છે એ સમજવા જેવું છે. **જે સ્વરૂપ સમજયા વિના, પામ્યો દુઃખ અનંત** (આત્મસિધ્ધિ શાસ્ત્ર, ગાથા ૧) અનંત દુઃખ પામ્યો જગતનો જીવ (અને) ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિમાં રખડે છે. એનું મૂળ કારણ હોય તો પોતાનું સાચું સ્વરૂપ શું, original (અસલી)

સ્વરૂપ શું એ જીવ સમજયો નથી. કાં તો દેહને જીવ માને છે, કાં જીવને રાગી માને છે, કાં જીવને ઇંદ્રિયજ્ઞાનવાળો માને છે, કાં જીવ છે એ પૈસાવાળો, કાં મનુષ્ય તે જીવ, નારકી તે જીવ, એકેન્દ્રિય તે જીવ, બે ઇંદ્રિય તે જીવ, એમ જીવના સ્વાંગને જીવ માની બેઠો છે. પણ સ્વાંગથી ભિન્ન આત્મા અંદરમાં કોણ છે - ચૈતન્ય ઝળહળ જયોતિ, જ્ઞાન અને આનંદની મૂર્તિ, એને એક સમય માત્ર અંતર્મુખ - સન્મુખ થઈને એણે આત્માનો અનુભવ કર્યો નથી.

એ આત્માનો અનુભવ પ્રથમમાં પ્રથમ કરવા જેવો છે. ધર્મની શરૂઆત જ શુદ્ધાત્માના અનુભવથી થાય છે, વૃદ્ધિ પણ અનુભવથી થાય છે અને પૂર્ણતા પણ અનુભવથી થાય છે. **એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ** (આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા ૩૬), પરમાર્થ મોક્ષનો માર્ગ, સુખનો માર્ગ તો ત્રણેકાળ એક જ હોય છે - કે પુણ્ય-પાપથી ભિન્ન પોતાનો જે શુદ્ધાત્મા જ્ઞાનમય છે, એ જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરીને એમાં જે લક્ષ કરીને ઠરવું, એનું નામ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે સુખનો માર્ગ, સ્વાધીન. બિલકુલ કિંચિત્ માત્ર પરાધીનતા નહિ. કે કોઈ આશીર્વાદ આપે ત્યારે આપણે સુખી થઈએ એ વાત ૧૦૦% ખોટી છે. કોઈના આશીર્વાદથી કોઈ સુખી થતો નથી. અને કોઈના શ્રાપથી કોઈ દુઃખી થતો નથી. માત્ર કેવળ પોતાના પરિણામથી જીવ સુખી-દુઃખી થઈ રહ્યો છે. અજ્ઞાનથી દુઃખ અને આત્મજ્ઞાનથી સુખ. બીજું બાહ્યનાં બધા નિમિત્ત માત્રના કથનો છે.

ખરેખર વાસ્તવિકતા તો (એ છે કે) પોતાના જે પ્રકારના જીવ પરિણામ કરે એનું ફળ વર્તમાનમાં ભોગવે અને નિમિત્તપણે પછી ભોગવે. બાકી ખરેખર તો જે સમયે જે પ્રકારનું પરિણામ જીવ કરે છે તે જ પ્રકારનું એને આકુળતાનું દુઃખનું વેદન તે જ સમયે આવે છે. પણ એક નિમિત્તપણે કર્મ બંધાય છે અને ફરી ઉદયમાં આવીને એમાં જોડાય, તો એ (કર્મ) દુઃખના નિમિત્ત કહેવાય. જો કર્મના ઉદયમાં ન જોડાય તો દુઃખને નિમિત્ત પણ કહેવામાં આવતું નથી. એ તો નિર્જરી જાય છે.

નિમિત્ત કયારે કહેવાય? કે એમાં જોડાય તો. પણ આત્મામાં જોડાઈ જાય તો કર્મને નિમિત્ત ન કહેવાય પણ કર્મને જ્ઞાનનું જ્ઞેય કહેવાય. અહીંયાં બહુ આપણે સૂક્ષ્મ વાત તો લેતાં નથી હજી. પણ તો પણ થોડી-થોડી તો કહેવી તો પડશે. કેમ કે આજે નહિ સાભળે તો કયારે સાંભળશે? કે ભઈ આજે સૂક્ષ્મ પડે છે ઝીણી વાત, તો પછી કે દિવસ સાંભળવાનો મોકો (મળશે)? આ મનુષ્યભવ મળ્યો તો થોડી-થોડી વાત સૂક્ષ્મ તો (સાંભળવી જ પડશે). આત્મા સૂક્ષ્મ છે, આત્મા અરૂપી છે માટે થોડી વાત એ ઉપયોગ જો લગાવે તો સમજાય એમ છે. ન સમજાય એમ નથી. દષ્ટાંત તો આપું છું કે મુંબઈમાં મોટા મોટર સ્પેરપાર્ટસના વેપારી હોય છે એને ત્યાં પાંચ હજાર નાની મોટી વસ્તુઓ હોય, સ્ટોકમાં. પણ દસ વર્ષ પહેલાંની ખરીદી શું, એના ઉપર કેટલો ખર્ચો, અત્યારે શું ભાવે પડતર, શું ભાવે વહેંચીએ તો આટલો નફો થાય - એ આ મગજના કોમ્પ્યુટરની અંદર બધો હિસાબ કરી લે છે. એનો નંબર એની made in (ક્યાંની બનાવટ છે તે) એ બધું એને ખબર હોય. એટલી વસ્તુઓ એને યાદ રહે છે.

તો હવે આત્માના શાશ્વત સુખને માટે છ દ્રવ્યનું શું સ્વરૂપ અને નવ તત્ત્વનું શું સ્વરૂપ, અને આત્માનું વાસ્તવિક શું સ્વરૂપ - એટલું થોડું (એને) યાદ કેમ ન રહે? દીકરાઓના નામ યાદ રહે, દીકરીઓના યાદ રહે, જમાઈના યાદ રહે, અરૂણભાઈ! યાદ રહે કે નહિ બધું? હેં? બહારનું કેટલું

યાદ રહે? યાદ રહેને? કેમ કે જેમાં જેની રુચિ છે ને એનું એને યાદ રહે. આ નવ તત્ત્વના નામ યાદ નથી રહેતા કેમ કે રુચિ નથી. રુચિ હોય તો બધું યાદ રહે. માટે કરવા જેવું હોય તો આ ભવમાં, ભવનો અંત કરવા જેવો હોય તો એક શુદ્ધાત્માનું સ્વરૂપ શું તે ગુરુદેવે આપણને બતાવ્યું છે એ માર્ગ ત્વરિત રીતે અપનાવી લેવા જેવો છે. કાંઈ પણ પ્રમાદ કર્યા સિવાય. આજે થાય તો કાલ કરવા જેવું નથી. અને એ પોતાની પાસે વસ્તુ છે. ધર્મ કયાંય બહારથી લેવો નથી. કોઈ ધર્મ આપતા નથી. ગુરુદેવ પણ ધર્મ આપી શકતા નથી. ધર્મ માત્ર બતાવ્યો છે. કે તમારા આત્માનો સ્વભાવ આવો છે એનું અવલંબન લ્યો તો તમને સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય. ધર્મ બતાવે છે, કહે છે. પણ કોઈ ધર્મ આપી શકતું નથી. આ દેવા-લેવાની ચીજ નથી. કહેવાની ચીજ છે પણ દેવા-લેવાની ચીજ આમાં નથી કાંઈ.

કોઈ ધર્મ આપે (એમ છે નહિ), તીર્થંકર પરમાત્મા પણ ધર્મ આપી શકયા નહિ. એ ઋષભદેવ ભગવાન પોતે, ભરત ચક્રવર્તીના પુત્ર જે મહાવીરનો જીવ મરીચી, એને પણ ધર્મ આપી શકયા નહિ. તો બીજાને કોણ ધર્મ આપી શકે? એટલે વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું સમજીને અંતરમાં ચિંતવન-મનન કરીને શુદ્ધાત્માનું ધ્યાન કરવા જેવું છે. અત્યારે ધ્યાનનું બહુ ચાલે છે પણ ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના ધ્યાન થઈ શકે જ નહિ. ધ્યાન કોનું કરવું? સમ્યગ્દર્શન શું એ તો ખબર નથી, આત્માનું સ્વરૂપ શું એ (તો) ખબર નથી અને ધ્યાન કરવા બેસી જાય એ તો આર્તધ્યાન, માઠું ધ્યાન છે. એમાં કાંઈ હાથમાં આવતું નથી. માટે પ્રથમમાં પ્રથમ જે રાગાદિથી ભિન્ન, આઠ કર્મથી જુદો અને દેહથી પણ ભિન્ન એવો પોતાનો શુદ્ધાત્મા અંતરમાં બિરાજમાન છે, એ શુદ્ધાત્માને ભેદજ્ઞાનના મંત્ર દ્વારા અંતરસન્મુખ થઈને પોતાના સ્વરૂપને અંતર નિહાળી લેવું અને એનું લક્ષ કરીને એમાં લીન થવાનો પ્રયત્ન કરવો એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. તો અહીંયાં **અરિહંતનું સ્વરૂપ** પહેલાં આપણે વિચારીએ.

**જે ગૃહસ્થપણું છોડી,** અરિહંત જે થયા એ ગૃહસ્થ અવસ્થા છોડી, જંગલમાં જઈ અને દીક્ષા અંગીકાર કરે છે. પહેલાં સમ્યગ્દર્શન ગૃહસ્થ અવસ્થામાં પ્રગટ થાય છે અને ચારિત્ર પ્રગટ થાય છે ત્યારે એ ગૃહસ્થ અવસ્થા છૂટી જાય છે. એ પ્રકારના રાગનો એને અભાવ થઈ જાય છે અને સ્વરૂપમાં વિશેષ લીનતા પ્રગટ થાય છે. તો **જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવ સાધન વડે** - મહાસિદ્ધાંત. કે ગૃહસ્થ અવસ્થા છોડી જંગલમાં ગયા, અરિહંત પરમાત્મા થવા પહેલાં સાધુ અવસ્થા થઈ તો એનું સાધન શું? અરિહંત કેમ થયા? એ(નો ઉત્તર) **નિજસ્વભાવ સાધન વડે** - મહાસિદ્ધાંત. કે પાંચમહાવ્રતના પરિણામ કર્યા એ સાધન છે? એ સાધન નથી.

બાર પ્રકારના અનશન આદિ જે તપના વિકલ્પો શુભભાવ છે એ સાધન નથી. **નિજસ્વભાવ સાધન વડે**, નિજ - પોતાના શુદ્ધાત્માનું જે જ્ઞાન અને આનંદ જે સ્વભાવ છે એની અંતરસન્મુખ થઈ એમાં એકાગ્ર થતાં જે ધ્યાન પ્રગટ - ધર્મધ્યાન પ્રગટ થયું એ સાધન વડે. ધર્મધ્યાન છે એ વીતરાગી પરિણામ છે. અને એ **સાધન વડે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી**, સંયોગરૂપે આઠ પ્રકારના કર્મ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય, એમ ભગવાને આઠ

કર્મ કહ્યા છે. અને એમાં ચાર ઘાતિ અને ચાર અઘાતિ. આત્માના ગુણોને ઘાત થવામાં જે નિમિત્ત થાય તેને પરમાત્મા ઘાતિ કર્મ કહે છે. અને જેમાં માત્ર સંયોગની પ્રાપ્તિ થાય એને અઘાતિ કર્મ કહેવામાં આવે છે. તો અહીંયાં **ચાર ઘાતિકર્મોનો** જડકર્મોનો **ક્ષય કરી**, ભાવકર્મનો અને જડકર્મનો ક્ષય થાય છે આત્માના આશ્રયે. જયાં આત્મા આત્મામાં લીન થાય છે ત્યારે ભાવકર્મનો પણ અભાવ થાય છે અને સંયોગરૂપે દ્રવ્યકર્મ જે ચાર ઘાતિ છે એનો પણ અભાવ થઈ જાય છે. અને એના નિમિત્તે અહીંયાં જીવના પરિણામની યોગ્યતા અને કર્મનું છૂટવું તે સમકાળ છે. કર્મો છૂટે છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. કેવળજ્ઞાન થાય છે ત્યારે પ્રતિબંધ કારણનો સહેજે અભાવ હોય છે. કેવળજ્ઞાનાવરણ કર્મનો ઉદય તે વખતે હોતો નથી.

તો એટલું જ્ઞાન કરાવ્યું કે **ચાર ઘાતિકર્મોનો** અભાવ કરી **ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે**. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય. જેમ કોઈ પદાર્થનું enlarge (વિકાસ) થાય છે ને enlarge, એમ આ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ એના પરિણામનું enlarge થવા માંડે છે. એનો વિકાસ થવા માંડે છે. અંતરધ્યાનથી વિકાસ થતાં-થતાં જે અલ્પજ્ઞાન હતું એ પૂર્ણ થાય છે. અલ્પસુખ પ્રગટ હતું એ પૂર્ણ સુખ પ્રગટ થાય છે. તો **અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે, ત્યાં અનંતજ્ઞાન વડે તો પોતપોતાના અનંત ગુણ પર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે**. હવે એકે એકની વ્યાખ્યા ટૂંકાણમાં કરે છે. આપણે વખત થઈ ગયો, નવનો ટાઈમ છે ને?

મુમુક્ષુ: પંદર મિનિટ હજી ચાલુ રાખો.

પૂ. લાલચંદભાઈ: ભલે સવા નવ, ભલે.

શું ફરમાવે છે જ્ઞાનીઓ? કે પહેલાં આત્મા બહિરાત્મા હોય છે. પછી અંતરાત્મ દશા થાય છે અને પછી પરમાત્મ દશા થાય છે. એમ એક આત્માની ક્રમે ત્રણ પ્રકારની અવસ્થાઓ થાય છે. જેટલા અરિહંત પરમાત્મા થયા એ પૂર્વે બહિરાત્મા હતા, મિથ્યાદષ્ટિ હતા, અજ્ઞાની હતા. એ પણ તેની પોતાની યોગ્યતા અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સમાગમમાં આવતાં એને આત્માનું ભાન થાય છે, આત્મદર્શન થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે ત્યારે ત્યાંથી અંતરાત્મ દશા શરૂ થાય છે. પછી દેહને 'મારો છે' એમ જ્ઞાની માનતા નથી. કુટુંબ-પરિવારમાં રહેવા છતાં પણ એને મમતા છૂટી જાય છે. રાગ રહી જાય છે.

રાગ અને મમતામાં મોટો ફરક છે. રાગ છે એ અલ્પ સંસારનું કારણ છે, અલ્પ દુઃખનું કારણ છે અને મોહ અર્થાત્ મમતા છે એ અનંત દુઃખનું કારણ છે. ગૃહસ્થ અવસ્થામાં... કોઈ પછી એમ સમજયા વિના એમ મશ્કરી પણ કરે કે આ ધર્મ સારો, વેપાર પણ ચાલુ રહે, દુકાને પણ જઈ શકાય અને ધર્મની પ્રાપ્તિ પણ થાય. ખોરાક પણ ચાલુ રહે અને ધર્મ પણ ચાલુ રહે. આ શું નવીન (ધર્મનો માર્ગ)? ભાઈ આ નવીન નથી (આ તો) અનાદિનો માર્ગ છે કે ગૃહસ્થ અવસ્થામાં મોહ અર્થાત્ મમતાના પરિણામ છૂટી જાય છે.

જેમ કે એક દષ્ટાંત તમને આપું કે એક જીવ સોમવારે અજ્ઞાની હતો, મિથ્યાદષ્ટિ હતો, દષ્ટિ આત્માની નહોતી. પણ નિરંતર સ્વાધ્યાય, ચિંતન, મનન, સત્સમાગમથી એમને, સોમવારે અજ્ઞાની

હતો અને મંગળવારે સવારે એ (આત્માના) ધ્યાનમાં બેસતાં આત્માના દર્શન થયા. સમ્યગ્દૃષ્ટિ થયો મંગળવારે. જો-જો આ તફાવત અંતરનો કેટલો છે એની વાત ચાલે છે. કે સોમવારે પણ એ ઓફીસે જતો હતો. પોતાના ઘરની દુકાન હોય તો એ પ્રકારે, સર્વીસમાં હોય તો એ પ્રકારે. સોમવારે બધી ક્રિયા ચાલતી હતી. મંગળવારે એને આત્મદર્શન થયું. તો મંગળવારે પણ ક્રિયાઓ તો એની એ રહી.

હવે સમ્યગ્દર્શન થયું માટે એ દુકાને જવું નથી અને વેપાર કરવો નથી અને બધું બંધ કરી દેવું છે - એવું સમ્યગ્દર્શનની ભૂમિકામાં ન હોય. એ ચારિત્રનું જયારે સ્ટેજ આવે ત્યારે એ સ્થિતિ હોય છે. હવે જે સોમવારે ક્રિયા ચાલુ હતી દેહ-મન-વાણીની, અને અંદરમાં આહાર અને પાણીની ઈચ્છાઓ પણ સોમવારે થતી હતી. આહાર લેવાની, પાણી લેવાની, પહેરવાની, ઓઢવાની, સ્નાન કરવાની ઈત્યાદિ બધી સોમવારે ક્રિયાઓ હતી. એ દેહ, મન, વાણીની ક્રિયા તો એનાથી થતી હતી. અને એ સોમવારે એમ માનતો હતો કે આ ક્રિયાઓ મારાથી થઈ. એમ સોમવારે માનતો હતો. ભાષા હું બોલી શકું છું, હાથ ઊંચો કરી શકું છું એમ સોમવારે માનતો હતો. એ ક્રિયા સોમવારે હતી. બહારની ક્રિયા. હવે અંદરની ક્રિયા રાગાદિની જે સોમવારે થતી હતી, આહારની ઈચ્છા, પાણીની, એ પણ સોમવારે હતી. પણ એ સોમવારે એમ માનતો હતો કે આ રાગ મેં કર્યો અને એ રાગ મારો છે. રાગનો રાગ કરતો હતો. રાગમાં મમતા કરતો હતો. પુણ્ય-પાપના પરિણામ તો સોમવારે થતા હતા પણ એનો એ માલિક બની ગયો હતો. કે આ પુણ્ય-પાપના પરિણામ મારા અને એનાથી મને લાભ થાય અને આ મારું કર્તવ્ય છે. કર્તાબુધ્દ્ધિ હતી સોમવારે.

મંગળવારે આત્મભાન થયું તો આહાર અને પાણીની ઈચ્છા પણ થઈ ટાઈમે બરાબર. દુકાને જવાની પણ ઈચ્છા થઈ, એ પાપના પરિણામ. દુકાને જાવું, વેપાર-રોજગારમાં જોડાવું એ પાપના પરિણામ છે. સ્વાધ્યાય, ચિંતવન, મનન, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે. એ સોમવારે જે ક્રિયા થતી હતી એ જ મંગળવારે રહી ગઈ. તો તફાવત શું પડયો? જગતના જીવોને આ એક મોટો પ્રશ્ન છે. કામ તો એનું એ જ થયા કરે છે. પહેલાં કરતો હતો અને હવે થાય છે - એટલો ફેર પડયો. પહેલાં કર્તાબુધ્દ્ધિ હતી કે હું કરતો હતો એમ માનતો હતો. ઝવેરચંદભાઈ! શબ્દમાં ફેર છે.

પહેલાં હું કરું છું અને થાય છે એમ હતું સોમવારે. મારાથી થતું હતું. દુકાન મારાથી ચાલતી હતી, હું કમાણો તો મારી બુધ્દ્ધિથી હું કમાતો હતો. બીજાને બુધ્દ્ધિ નહોતી માટે નહોતો કમાતો એ બુદ્ધુ હતો અને હું તો હોંશીયાર. મારી હોંશીયારીથી કમાતો હતો એમ સોમવારે હતું. (એ) કર્તાબુધ્દ્ધિ હતી, સ્વામી બનતો હતો પર પદાર્થનો. મંગળવારે અંતરથી ઉદાસ થઈ ગયો, કે આ જગતના કોઈ પદાર્થ રજકણ મારા નથી અને આ ક્રિયા મારાથી થતી જ નથી. દેહ-મન-વાણીની ક્રિયા થતી નથી એટલું તો નહિ પણ જે ઈચ્છા ઉત્પન્ન થાય છે, કમાવા-ખાવા-પીવા-રળવાની, એ ઈચ્છા - પાપની ઈચ્છા; એ થાય છે એનો હું કરનાર નથી એનો હું જાણનાર છું. સોમવારે કરનાર બનતો હતો મંગળવારે જાણનાર થયો. આહાહા!

મુમુક્ષુ: સાક્ષી રહ્યો.

પૂ. લાલચંદભાઈ: સાક્ષી રહ્યો, જ્ઞાતા થઈ ગયો. કર્તાબુધ્દ્ધિ છૂટી ગઈ. આ માર્મિક વાત (છે). ગૃહસ્થ અવસ્થામાં ભવનો અંત આવી જાય એવી વાત છે. બધી ક્રિયાઓ રહી જાય છે. જયાં સુધી

એની ઉગ્ર પુરુષાર્થની ભાવના આત્માના સ્વભાવમાં ઠરવાની જાગતી નથી ત્યાં સુધી ગૃહસ્થ અવસ્થામાં હજારો-લાખો વર્ષ ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દૃષ્ટિ રહી શકે છે. ૮૩ લાખ પૂર્વ, કરોડો અબજો વર્ષ ઋષભદેવ ભગવાન ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. હવે એને ખબર હતી કે હું તીર્થંકર થવાનો છું. અને છતાં પણ કોઇને એમ પ્રશ્ન થાય કેમ ચારિત્ર અંગીકાર ન કર્યું? કેમ જંગલમાં ન ગયા? એમ કોઇને પ્રશ્ન થાય. એ કર્તાબુદ્ધિનો પ્રશ્ન છે.

સંયોગ થયા (ફર્યા) કરે છે. સંયોગ આવે છે અને જાય છે. એનો કરનાર આત્મા નથી. જેને એમ લાગે છે કે હું કરનાર છું એ અજ્ઞાની છે અને થાય છે એનો હું જાણનાર છું એ જ્ઞાની છે. બહારની વાત. એમ અંદરમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે; એનો હું માત્ર જાણનાર છું તો જ્ઞાની (છે); અને પુણ્ય અને પાપના પરિણામ મેં કર્યા, મારાથી થયા, હું કરું છું (એમ માને) એ અજ્ઞાની છે, એનો (પુણ્ય-પાપનો) સ્વામી બની જાય છે. રાગનો - આસ્રવનો સ્વામી બની જાય છે. કર્તાબુદ્ધિ, માલિકીબુદ્ધિ, ધણી બની ગયો. કષાયનો ધણી બને છે આત્મા, એ અજ્ઞાની છે. પુણ્ય-પાપના પરિણામ એ કષાય છે, એની જાત અકષાય નથી. એક તીવ્ર કષાય અને મંદ કષાય બેય કષાયની જાતના છે. એ કષાયનો સ્વામી બનતો હતો, (તે) મંગળવારે કષાયનો સાક્ષી થઇ ગયો, ખલાસ!

આ ભાવો આવે છે પણ એ મારો સ્વભાવ નથી. કેમ કે સ્વભાવ દષ્ટિગોચર થઇ ગયો કે હું તો જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું. મારામાં પુણ્ય પણ નથી અને પાપ પણ નથી, મારામાં દેહ નથી, જડકર્મ મારામાં નથી. મારાથી ભિન્ન જુદી ચીજ છે, જગતનો પદાર્થ છે. એને અને મારે કાંઈ લેવા-દેવા નથી. એમ એકત્વબુદ્ધિ તૂટી અને એકત્વબુદ્ધિ આત્મામાં થઈ, પરિણામ આત્મામાં એકત્વ થયા તો પરથી એકત્વબુદ્ધિ છૂટી ગઈ, એ જ્ઞાની છે અને એ ક્રમે-ક્રમે અલ્પકાળમાં એને પૂર્ણાનંદની પ્રાપ્તિ - મોક્ષ દશા પ્રગટ થાય છે. એટલે ગૃહસ્થ અવસ્થામાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓ આપે છે. અને જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું એને પછી અલ્પકાળમાં ચારિત્ર કાં તો આ ભવમાં અને કાં (તો) પછીના ભવમાં (થાય છે). પણ ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા, લીનતા એનું નામ ચારિત્ર છે. આ કષાયની મંદતા અને પુણ્ય તત્ત્વ એ ખરેખર ચારિત્ર નથી, પણ ચારિત્રનો મળ અને મેલ છે. હોય ખરા પરિણામ. સાધકને શુભભાવ આવે ખરા - ભગવાનની પૂજાના, યાત્રાના વિકલ્પ આવે, કોઇને ઉપવાસનો પણ વિકલ્પ આવે, કોઇને બહાર એ પ્રકારની કષાયની મંદતાનો ભાવ આવે. આવે ખરા, પણ એનો એ ધણી થતો નથી, માલીક નથી. ખલાસ!

મકાન ધરનું હોય એમાં ફેર અને ભાડે હોય એમાં ફેર. મોહનભાઈ! ફેર હોય કે નહિ? કે આ ઘર મારું છે, એમ એને થાય. અને ભાડે રહેતો હોય તો આ ઘર મારું નથી, હું તો ભાડુત છું. હેં? એમ આ દેહમાં રહેલો આત્મા અભિમાન કરે છે કે આ ઘર મારું. દેહ કહો કે ઘર કહો એક જ. આ મારું છે. મારું છે એમ માને છે એ મરે છે. દેહમાં મમતા કરે છે. **ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે** મરે છે. આહાહા! સમયે-સમયે પોતાના ચૈતન્ય પ્રાણ હણાય છે.

**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?** (રાજપદ, અમૂલ્ય તત્ત્વવિચાર)

એને એમ થાય છે કે આ લંડન જેવામાં કમાણી બહુ સારી. મોટી સરસ મોટરો અને આ બધું.

આહાહા! બગીચા અને બાગ અને કુટુંબ અને પરિવાર. આહાહા! આમાં ભાઈ કાંઈ સુખ નથી. પર પદાર્થમાં સુખ કયાંથી હોય? સુખ તો આત્મામાં છે. જડના સંયોગમાં કાંઈ સુખ નથી. કલ્પના કરે છે કે હું સુખી છું. પણ જ્ઞાનીઓ કહે છે કે બહુ દુઃખી છે. ઘણો દુઃખી છે. આત્મિક સુખનો છાંટો જેમાં નથી. આહાહા!

પરના આશ્રયે કિંચિત્ માત્ર સુખ પ્રગટ થતું નથી. જયાં સુખ ભર્યું છે એનું અવલંબન કરે જ્યારે ત્યારે આત્માના સુખની પ્રાપ્તિ થાય છે. માટે અહીંયાં આચાર્ય ભગવાન પહેલાં અરિહંતના સ્વરૂપનું વર્ણન કરતાં (કહે છે કે) અરિહંત પરમાત્મા થયા એને અનંતજ્ઞાન પ્રગટ થઈ ગયું. હવે એ અનંતજ્ઞાનની શું વ્યાખ્યા છે એ કહે છે. કે **ત્યાં અનંતજ્ઞાન વડે તો પોતપોતાના અનંત ગુણ પર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે**. અરિહંત ભગવાનને જયારે કેવળજ્ઞાનનો ભડકો થાય છે ત્યારે એ જ્ઞાનની અવસ્થામાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને જગતના દ્રવ્ય-ગુણ-પર્યાય - ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણકાળ ત્રણલોકના પદાર્થને સમય માત્રમાં ઈચ્છા વિના અને એની સન્મુખ થયા વિના, આત્મસન્મુખમાં રહેતા એ લોકાલોક જણાઈ જાય છે. એવી એક કેવળજ્ઞાનની અચિંત્ય શક્તિ પ્રગટ થાય છે કેવળી ભગવાનને. પછી અનંતદર્શન પ્રગટ થાય છે, અનંતવીર્ય અને અનંતસુખ - ત્રણ બોલ બાકી છે. વખત થઈ ગયો. હવે કાલ કે પરમ દિવસે જે ટાઈમ હોય તે.